Vol. 9, Issue: 4, April: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# આચાર્ય વામનના મતે 'રીતિનું સ્વરૂપ'

**શિલ્પાબેન કે. પટેલ**
**પી.એચ.ડી. સંશોધન વિદ્યાર્થી**
**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર**

*આચાર્ય વામનના 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ' ગ્રંથમાં કાવ્યચિંતનના કેન્દ્રસ્થાને 'રીતિ' તત્ત્વ રહેલું છે. તેમણે રીતિસંપ્રદાયની સ્થાપના કરી છે. રીતિ શબ્દને વામનના મતે આ રીતે સમજાવી શકાય છે रीणन्ति गच्छन्त्यस्यां गुणा इति, रीयते क्षरत्यस्यां वाङ्मधुधारेति-वा रीतिः । ની વૃત્તિ रीण् એ બે ધાતુઓમાં रीण् નો અર્થ ગતિ કરવી એમ થાય છે. એમાં ગુણો ગતિ કરતાં હોવાથી, એ રીતિ કહેવાય છે. આમ ગુણ એ રીતિનું ગતિ તત્ત્વ છે. રીતિમાં ગુણનો આશ્રય હોવાના કારણે એને અધિકરણના અર્થમાં क्तिन् પ્રત્યય લાગે છે. તેમજ रीय् એટલે ઝરવું. આવો ધાત્વાર્થ લેવાથી તેમાં વાક્મધુ ઝરે કે દ્વારા વહેવડાવે છે એવો અર્થ થાય છે.*

*આચાર્ય વામન કાવ્યલક્ષણમાં જ રીતિને કાવ્યાત્મા તરીકે રીતિની સ્થાપના કરે છે. વામનના મતે શબ્દાર્થ યુગલ કાવ્યનું શરીર છે અને શબ્દાર્થ યુગલમાં કાવ્યનું શરીર છે અને શબ્દાર્થ યુગલમાં અધિષ્ઠિત થયેલ રીતિ કાવ્યનો આત્મા છે. રીતિની વ્યાખ્યા આપતાં વામન જણાવે છે કે વિશિષ્ટ પદરચના રીતિ છે' પદરચનાને ગુણનો વિશેષાંશ માને છે. રીતિના વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એવા ત્રણ પ્રભેદ માને છે.*

*આ ત્રણેય રીતિઓમાં વૈદર્ભી પ્રશસ્ત ગુણોથી સંસ્કારાયેલી હોવાથી તેનું વર્ણન સૌથી પહેલા કર્યું છે અને બાકીની બે રીતિઓનું વર્ણન વૈદર્ભી રીતિના વર્ણન પછી ગૌડી અને પાંચાલી રીતિનું વર્ણન કર્યું છે. વામનના મતે વિદર્ભ પ્રદેશના કવિઓમાં કાવ્ય રચનાની જે શૈલી છે તેને વૈદર્ભી તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે વિદર્ભ પ્રદેશમાં રહેતો દરેક કવિ વૈદર્ભીમાં જ કાવ્ય રચના કરતો હોય, વિદર્ભનો કવિ ગૌડીમાં પણ કાવ્ય રચતો હોય એમ પણ બની શકે છે. તેવી જ રીતે પાંચાલમાં રહેતો કવિ પણ વૈદર્ભી કે ગૌડીમાં કાવ્ય રચતો હોય એવું બની શકે છે. આમ પ્રદેશ અને જે - તે પ્રદેશમાં રચાતાં કાવ્યો વચ્ચે અવિનાભાવિ સંબંધ હોતો નથી.*

## વૈદર્ભી રીતિ

*વૈદર્ભી માટે समग्रगुणा કહે છે. તેમાં ઓજ, પ્રસાદ, માધુર્ય, સૌકુમાર્ય, કાંતિ વગેરે ગુણો રહેલા છે. કવિઓ વૈદર્ભી રીતિની સ્તુતિ નીચે પ્રમાણે કરે છે.*

*सति वक्तरि सत्यर्थे सति शब्दानुशासने ।*
*अस्ति तन्न विना येन परिस्त्रवति वाङ्मधु ।।*

અર્થાત્ કવિ વક્તા હોય, અર્થી હોય, વ્યાકરણનું જ્ઞાન હોય, છતાં જેના વિના વાણીમાંથી મધ ઝરતું નથી તે વૈદર્ભી રીતિ છે. વૈદર્ભી રીતિમાં સહેજ અમથો પણ દોષ હોતો નથી. તે સર્વ ગુણોથી સમન્વિત છે, ગૂંથાયેલી છે, વૈદર્ભી રીતિ વીણાના સ્વરની માફક કર્ણમધુર લાગે છે. તેનું ઉદાહરણ તે શાકુંતલમાંથી આપે નીચે પ્રમાણે આપે છે.

गाहन्तां महिषा निपानसलिलं श्रृङ्गेर्मुहुस्ताडितं
छायाबद्धकदम्बकं मृगुकुलं रोमन्थमभ्यस्यतु ॥
विस्त्रब्धं कुरुतां वराहविततर्मुस्ताक्षतिं पल्वले
विश्रान्तिं लभतामिदं च शिथिलज्याबन्धमस्मद्धनुः ॥

અર્થાત્ શિંગડાઓ વડે વારંવાર ક્ષુભિત થયેલા જળાશયના પાણીમાં ભેંસ નિરાંતે ડુબકી લગાવે, મૃગસમૂહ છાયામાં ઝૂંડ બનાવી ભલે વાગોળતા રહે, ભૂંડ ખાબોચિયામાં નિરાંતે નાગરમોથ ઘાસ ઉખાડે અને ઢીલી પ્રત્યંચવાળું મારું આ ધનુષ્ય પણ ભલે આરામ કરે.

## ગૌડી રીતિ

ગૌડી રીતિનું લક્ષણ આપતાં કહે છે કે ओजः कान्तिमती गौडीया । અર્થાત્ ઓજ અને કાંતિ જેવા ગુણોથી યુક્ત રીતિને ગૌડી કહેવાય છે. ગૌડી રીતિમાં માધુર્ય અને સૌકુમાર્ય ગુણોના અભાવે તેમાં સમાસનું પ્રમાણ વધારે હોય છે અને તે અતિ ઉગ્ર પદોથી યુક્ત હોય છે. ગૌડીનું ઉદાહરણ વામન ભવભૂતિના મહાવીરચરિતમાંથી નીચે પ્રમાણે આપે છે.

दोर्दण्डाञ्चितचन्द्रशेखरधनुर्दण्डावङ्गोद्यत
ष्टङ्कारध्वनिरार्यबालचरितप्रस्तावनाडिण्डिमः ।
द्राक्पर्यस्तकपालसंपुटमित ब्रह्माण्डमाण्डोदर-
भ्राम्यत्पिण्डितचण्डिमा कथमहो नाऽद्यापि विश्राम्यति ॥

અર્થાત્ (શ્રી રામના) બાહુઓ થકી ઉઠાવાયેલા શિવ ધનુષ્યનો દંડ તૂટતા જન્મેલા અને આર્ય શ્રીરામના બાલચરિતરૂપ પ્રસ્તાવનાના ઉદ્‌ઘોષક, એકાએક કંપી ઊઠેલા બ્રહ્માંડના વાસણમાં અથડાઈ અથડાઈને ઘોર મારી અતિ ભયંકર બની ગયેલો ટંકાર ધ્વનિ, અરે! હજુ સુધી કેમ શમતો નથી ?

## પાંચાલી રીતિ

પાંચાલી રીતિનું લક્ષણ આપતાં કહે છે કે - माधुर्यसौकुमार्योपपन्ना पाञ्चाली ॥ જે માધુર્ય અને સૌકુમાર્ય ગુણોથી સંપન્ન હોય તેને પાંચાલી રીતિ કહેવાય છે. પાંચાલી રીતિમાં ઓજ અને કાંતિ ગુણોનો અભાવ હોય છે. તેના લીધે ઉગ્ર પદરહિત તથા સમાસરહિત હોય છે. તેના માટે એક પ્રસિદ્ધ શ્લોક નીચે પ્રમાણે છે-

अश्लिष्टरलथभावां तां पुरणच्छायया श्रिताम् ।
मधुरां सुकुमारां च पाञ्चालीं कवयो विदुः ॥

અર્થાત્ ગાઢત્વરહિત, અસમાસબહુલ શિથિલ, મધુર અને સુકુમાર પદોથી યુક્ત રીતિને કવિઓ પાંચાલી રીતિ રૂપે ઓળખે છે. પાંચાલી રિતિનું ઉદાહરણ વામન નીચે પ્રમાણે આપે છે.

*ग्रामेऽस्मिन् पथिकाय नैव वसतिः पान्थाऽधुना दीयते*
*रात्रावत्र विहारमण्डलपतले पान्थाः प्रसुप्तो युवा ।*
*तेनोत्थाय खलेन गर्जति धने स्मृत्वा प्रियां तत् कृतं*
*येनोऽधापि करड्कदण्डपतनाशड्की जनस्तिष्ठति ॥*

*અર્થાત્ હે પથિક! આ ગામમાં હવે પથિકોને આશ્રય મળતો નથી અહીં એક રીતે વિહાર મંડપ નીચે એક યુવાન પથિક સૂતો હતો. મેઘગર્જના થતાં તે દુષ્ટ ઊઠીને પ્રિયાને યાદ કરીને તે કૃત્ય કર્યું. (અર્થાત્ આત્મહત્યા કરી) જેનાથી આજે પણ પથિક વધના દંડથીલોકો આશંકિત છે. આચાર્ય વામનના મતે વૈદર્ભી રીતિ સર્વગુણ સંપન્ન હોવાથી ગ્રાહ્ય છે. જ્યારે ગૌડી અને પાંચાલી અલ્પગુણોવાળી હોવાથી ગ્રાહ્ય નથી.*

## પાદટીપ

१ *रीतिरात्मा काव्यस्य ॥ का.लं.सु.वृ. १/२/६*

२ *विशिष्टा पदरचना रीतिः ॥ का.लं.सु.वृ. १/२/७*

३ *सा त्रेधा वैदर्भी गौडीया पाञ्चाली चेति ॥ का.लं.सु.वृ. १/२/९*

४ *का.लं.सु.वृ. १/२/११*

५ *का.लं.सु.वृ. १/२/१२*

६ *महावीरचरित १/५४*

७ *का.लं.सु.वृ. १/२/१३*

## સંદર્ભ ગ્રંથ

૧ *નાન્દી, તપસ્વી ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચાર પરંપરાઓ- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨,દ્વિતિય આવૃત્તિ (સંશોધિત) ૧૯૮૪,તૃતિય આવૃત્તિ (સંશોધિત) ૨000, મુદ્રક : દિવ્યા ગ્રાફિક્સ, અમદાવાદ.*

૨ *ઠાકોર, અજિત "काव्यालङ्कारसूत्रवृत्ति"॥ પ્રથમ આવૃત્તિ જુલાઈ-૨૦૦૧, પાર્શ્વ પબ્લિકેશન.*